સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

વિકાસથી હાથ ધોઈ નાખ્યા, છતાં ફેલાય ચેપ,
રાખ્યું છે અંતર નેતાઓથી, છતાં ફેલાય ચેપ,
લીધી સહનશીલતાની રસી, છતાં ફેલાય ચેપ,
પાંચેય રાજ્યોમાં ચૂંટણીઓ છતાં ફેલાય ચેપ.

હાઈકુ

કયાંક ને કયાંક
ચૂંટણીની પ્રગટે
દેશમાં હોળી...

'ચૂંટણી' પણ
થઈ ગયો છે ધંધો
નેતાઓ માટે...

ચિંતન

विघ्नैः पुनः पुनरपि प्रति हन्य माताः ।
प्रारब्ध मुत्तमजनाः न परित्यजन्ति ॥

ઉપરોક્ત શ્લોક ભર્તુહરિશ્રી નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

અહીં સજ્જનો, સંતો અને મહાપુરુષોની પ્રશંસા કરતાં કહેવાયું છે.

ઉત્તમ પુરુષો અનેકવાર અનેક વિઘ્નો આવવાં છતાં શરું કરેલું કાર્ય અધૂરું છોડતાં નથી. અર્થાત્ અંત સુધી તેને પકડી રાખે છે. કેટલાક ધીરજ વિનાના લોકો પોતાના કાર્યમાં જીવનશૈલીમાં વ્યવહારમાં એકાદ પણ નાની સરખી તકલીફ આવે તો કાર્યને પડતું મૂકી, મેદાન છોડી, હાથમાં લીધેલું કાર્ય અધુરું મૂકી ચાલ્યા જાય છે. આવા ઉતાવળમાં નિર્ણય કરનાર માણસો જિંદગીમાં સુખ-શાંતિનો અનુભવ કરતાં નથી. કોઈ પણ પરિસ્થિતિમાં મન પર કાબૂ રાખી શાંત વિચારણા પછી જ નિર્ણય કરવો જોઈએ. આવું એક બીજું સૂત્ર પણ છે.

મનસ્વી કાર્યથી ન ગણ્યતિ સુખં ન ચ દુખમ્ ।

મનસ્વી જેને પોતાના મન પર સંપૂર્ણ કાબુ છે એવા કાર્યોથી કામમાં પ્રવૃત્ત લોકો પોતાના કામ, કાર્યક્ષેત્રમાં આવતાં, સુખ-દુખને ગણકાર્યા વિના પોતાના નિશ્ચિત ધ્યેયને વળગી રહે છે.

વિપત્તિમાં ધીરજ પૂર્વક મન પર કાબૂ રાખી નિર્ણય લેનાર જિંદગીમાં સુખ-શાંતિનો અનુભવ કરે છે.

સુવિચાર

- જીવનનો અંતિમ ધ્યેય પરમાનંદ, પરમાનંદનો પવિત્ર માર્ગ સંયમાનંદ - **સા. વર્યા વાચંયમાશ્રીજી**
- જયાં સુધી ઉપદેશ અને આચરણની એકતા ના થાય ત્યાં સુધી એની ધારી અસર થતી નથી - **જન્મભૂમિ**
- કેરી કાચી હોય ત્યારે તૂરી હોય, પછી ખાટી થાય અને મીઠી થાય એ ન્યાયે કોઈ પણ માણસમાં પહેલા દોષો હોય ધીમે ધીમે તેમાં સુધારો થાય - **જીવન પાથેય**
- તમે જયારે એકલા હો અને પોતાને પસંદ કરતા હશો, તો કયારે પણ એકલતા નહીં અનુભવે - **અનામી**
- જગતનું સૌથી ઘરડું વિધાન 'આ દુનિયા હવે પહેલાં જેવી રહી નથી' - **ફાધર વાલેસ**
- તમને જે પ્રશ્નો થાય છે, તેના જવાબો તમારી અંદર જ છે, બીજાનો ઉધાર પ્રકાશ ન લો, તમારો જ પ્રકાશ પ્રગટાવો - **ઓશો**
- આજનું ઔષધ : રોજ એક અખરોટ બાળકને ખવડાવવાતી પેટના કૃમિ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કૉલેજના એક અધ્યાપક એના વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા હતા. પ્રાર્થના અને પુરુષાર્થ પૈકી કોના સથવારે જિંદગીમાં સફળતા મેળવી શકાય. એ વિષય પર ચર્ચા ચાલી હતી. કેટલાક કહી રહ્યા હતા. પ્રાર્તનાથી તમે ધારો તે કરી શકો છો. કેટલાક વિદ્યાર્થીઓનું માનવું હતું કે પ્રાર્થના એ સમયનો બગાડ છે. મહેનત કરવાથી જ સફળતા મળે. પ્રાર્થનાઓ કરવાથી કોઈ જ ફેર ન પડે.

ગરમાગરમ ચર્ચા પર અધ્યાપકે બંને ગ્રુપની વાત સાંભળી અને કહ્યું, 'આપનામાંથી કોઈ ના નામે બેંકમાં લોકર છે?' બે વિદ્યાર્થીઓએ હાથ ઊંચા કર્યા. અધ્યાપકે એમાના એકને ઊભો કરીને પૂછ્યું, 'ભાઈ, તારા નામની લોકર છે તો તારે બેંકમાં લોકર ખોલવા જવું પડ્યું હશે ને ?' વિદ્યાર્થીએ કહ્યું, 'હા, સર, મારા મમ્મીને એના ઘરેણા મૂકવા હોય તો મારા લોકરનો ઉપયોગ થાય છે. હું મારા મમ્મીને બેંકમાં લોકર ઓપરેટ કરવા લઈ જાઉં છું.' અધ્યાપકે કહ્યું, 'તારું લોકર ખોલવા માટે તારી એકની એક ચાવીથી જ કામ પતી જાય ?' વિદ્યાર્થીએ કહ્યું, 'ના સર. મારી ચાવીની સાથે મેનેજર પાસે જે ચાવી હોય તે બંને ચાવીએ સાથે મળે ત્યારે જ લોકર ખૂલે.'

અધ્યાપકે વિદ્યાર્થીઓને કહ્યું, 'આ પુરષાર્થ અને પ્રાર્થના પણ સફળતારુપી લોકરની બે ચાવીઓ છે. કોઈ એક ચાવીથી સફળતાનું તાળું ખોલવાનો પ્રયાસ કરીએ તો સફળતા ન મળે, પણ બંને ચાવીઓ જયારે સાથે ઉપયોગમાં લઈએ તો જ તાળું આસાનીથી ખૂલી જાય છે.'

ડ્રગ્સના કાળા કારોબારને નાથવાની જરૂર

તંત્રીસ્થાનેથી...

કચ્છ પાટીને ટાર્ગેટ કરીને સાવ ઓછી માત્રામાં ચરસ કે ગાંજા જેવા નશીલા પદાર્થો ઝડપી સુપરસ્ટારના શાહજાદા સહિત કેટલાક રંગરસિયાઓની દિવાળી પર કાળો કૂચડો ફેરવી દેવાયો અને હવે રોજેરોજ એ ઘટનામાં અવનવા એપિસોડ ઉમેરાઈ રહ્યા છે. કેન્દ્ર અને રાજય સરકાર સામસામે આવી ગયેલ છે. એમ કહેવામાં પણ અતિશયોક્તિ નહીં લેખાય. ત્રણ પૈડા વાળી મહારાષ્ટ્ર સરકારના એક કેબિનેટ મંત્રીએ તો જાણે એમની પાસે બીજું કોઈ કામ જ ન હોય એમ નારકોટિક્સ એજન્સી સામે મોરચો માંડ્યો છે અને આખો ઉપક્રમ ખંડણીખોરોનો જ હતો એવું સાબિત કરવા મથી રહ્યા છે. નવા નવા ફણગા ફૂટે છે. આખું કાવતરું ગુજરાતમાં ઘટાયું હોવાની જુબાની પણ અપાઈ રહી છે. વાનખેડેની સ્વચ્છ ઈમેજ કહેવાતી ઈમેજ પર નવાબલ મલિકથી લઈ નવા સાક્ષીઓ રોજેરોજે મેંશનાં પીપડાં ઉલેચી રહ્યા છે. બરાબર એ જ ટાંકણે ગુજરાતના દરિયા કિનારે ઠલવાતું અબજોની કિંમતનું ડ્રગ્સ પકડાય છે. ગુજરાત પાસે દેશનો સૌથી લાંબો દરિયા કિનારો છે. એમાં પણ પાછાં સૌરાષ્ટ્ર-કચ્છના બંદરો તો દુશ્મન માટે સાવ હાથવગાં. છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ગુજરાત સાચા અર્થમાં ડ્રગ્સ માટે દેશનું પ્રવેશદ્વાર બની રહ્યું છે. ગુજરાત એન્ટિ ટેરિરિસ્ટ સ્કવોડ અને કોસ્ટ ગાર્ડે ત્રીસ હજાર કરોડની આંતરરાષ્ટ્રીય કિંમતનું ડ્રગ્સ પકડ્યું છે એથી ગુજરાત પોલીસ અને નૌસેના પ્રત્ય જરૂર અહોભાવ જાગે, પણ બંદરોનો આવો દુરુપયોગ થઈ રહ્યો છે એનું શું ? ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયા કિનારાનાં ૪૨ બંદરો પૈકી ૧૭ નાના બંદરો પર પણ માલવાહક જહાજો લાંગરે છે. અગાઉનાં વર્ષોમાં પણ બોમ્બ બ્લાસ્ટના વિસ્ફોટક પદાર્થોની લઈ ડ્રગ્સ અને આંતરવાદી પ્રવૃત્તિ માટે આ બંદરોનો ઉપયોગ થતો રહ્યો છે. હમણાં છેલ્લે છેલ્લે જામ ખંભાળિયાના દરિયા કિનારેથી સાડા ત્રણસો કરોડથી વધુ બજાર મૂલ્યનું ડ્રગ્સ પકડાયું છે. સૌરાષ્ટ્ર કચ્છનો દરિયા કિનારો ડ્રગ માફિયાઓની રમણભૂમિ બની રહેલ છે. અહીંથી દેશમાં નશીલાં દ્રવ્યો ઘુસાડાય છે અને એનો માતબર વેપાર મહાનગરોથી લઈ નાનાં ગામડાં પર્યંત વિસ્તર્યો છે.

આ ડ્રગ અહીંથી બીજા દેશોમાં પણ એક્સપોર્ટ થાય છે. એ નિકાસ માટે દક્ષિણ કે પૂર્વ કિનારાનાં બંદરોનો ઉપયોગ થાય છે. ટૂંકમાં ગુજરાતનો દરિયા કિનારો ડ્રગ્સની હેરાફેરી માટેનું 'ટ્રાન્ઝિટ પોઈન્ટ' બની રહેલ છે. ડ્રગ્સ ઉપરાંત આપણાં બંદરો પર આતંકવાદીઓનાં હથિયારો પણ ઊતરતાં રહે છે. શું આ બધું આપણી પોલીસ કે નારકોટિક્સ બ્યૂરોની 'મિલી ભગત' વગર શક્ય છે ? ગુજરાતમાં રાજસ્થાન અને મહારાષ્ટ્ર કે મધ્યપ્રદેશની બોર્ડર પરથી રોજેરોજ લાખોની કિંમતનો દારૂ પ્રવેશી શકતો હોય તો એનાં બંદરો પર માલવાહક જહાજો મારફત અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાંથી ડ્રગ્સ પણ પ્રવેશે એમાં નવાઈ પામવા જેવું નથી. ડ્રગ્સ કે હથિયારો પકડાતાં આપણી સરકાર જાતે ને જાતે પોતાની પીઠ થાબડવા માંડે છે. પરંતુ જે પકડાય છે એ તો પેલા સમુદ્રમાં તરતી હિમશિલાની ટોચ જેટલો જ ભાગ હોઈ શકે. એ સિવાય દેશમાં અને ફોન કોલ પર ડ્રગ્સ ઉપલબ્ધ થઈ શકે ખરાં ? દેશનું યુવાધન ડ્રગ્સના રવાડે ચડી ગયું છે અને માતબર આવક ધરાવતાં પરિવારો માટે તો જાણે એ પ્રેસ્ટિજ આઈટમ બની ગયેલ છે. એથી જે 'કિક' વાગે છે એની મોજ માણવા નબીરાઓ લાખો રુપિયા ખરચી નાખતાં વાર નથી લગાડતા. રેસ્ટોરંટોમાં અને હોટેલોમાં દેહવ્યાપારની સાથે ડ્રગ્સનો ધંધો પણ ધમધમતો રહે છે. આ બધું સરકારની નજર બહાર ચાલતું હશે અને માની લેવાની જરૂર નથી. હમા છેક ઉપર સુધી પહોંચતા રહે છે.

સુદર્શન ચક્રનો મહિમા

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

કારતક સુદ ચૌદશનો દિવસ હતો. કાશી વિશ્વનાથની નગરી. ભગવાન શિવનું પરમ ધામ. આ દિવસે ભગવાન વિષ્ણુ અહીં આવ્યા. ભગવતી ગંગાને કિનારે મણિકર્ણિકાનો ઘાટ હતો. વિષ્ણુને થયું - 'શિવજીની નગરી. મસ્તકેથી નીકળેલી આ ગંગાનો પ્રવાહ. શિવપૂજન માટે આ શ્રેષ્ઠ સ્થળ છે.'

એમણે નદીની વેળુનું શિવલિંગ બનાવ્યું અને પૂજા શરૂ કરી. એમને થયું - 'હજાર કમળ એકત્રિત કરું અને એ શિવજીને ચડાવું.' એમણે કમળ સમર્પિત કરવાનું શરૂ કર્યું. શિવજીને એમની પરીક્ષા કરવાનું મન થયું. એમણે એમાંથી એક કમળ અદશ્ય કરી નાખ્યું.

વિષ્ણુને પરમ આશ્ચર્ય થયું. 'મેં તો હજાર કમળ ભેગાં કર્યાં હતા. પણ આમાં અત્યારે તો એક ઓછું થયું.' ૯૯૯ ચડાવી દીધા હતા. એમણે નિર્ણય કર્યો. 'મારું નેત્ર પણ કમળ જ કહેવાય.' એમણે જમણું નેત્ર કોરી નાખ્યું અને હજારમાં કમળ તરીકે ચડાવી દીધું! શિવજી એમની ભક્તિથી પ્રસન્ન થયા. એમને નેત્ર સ્થિત કરી આપ્યું. અને વધારામાં સુદર્શનચક્રની ભેટ આપી. ત્યારથી સુદર્શનચક્ર ભગવાન વિષ્ણુની ઓળખ બની ગયું. આ દિવસે ભગવાન વિષ્ણુ વૈકુંઠમાં પાછા ફર્યા ત્યારે સુદર્શન ચક્ર સાથે પ્રવેશ્યા. આ તિથિ વૈકુંઠ ચૌદશ તરીકે જાણીતી થઈ ગઈ. વિષ્ણુએ પૂજા કરી, એ શિવલિંગ હરીશ્વર લિંગ નામે ઓળખાવા લાગ્યું.

ભગવાન વિષ્ણુને થયું - 'આ તિથિનું ગૌરવ વધારવા શું કરવું ?' એમણે દેવર્ષિ નારદનું એક સૂચન યાદ આવ્યું. એમણે એકવાર કહ્યું હતું. 'તમે તમારા ભક્તોનો ઉદ્ધાર તો કરો જ છો. પરંતુ આ સિવાય સામાન્ય માણસો માટે શું કરો છો ?'

એમના બે પાર્ષદો હતા. જય અને વિજય. બંનેને બોલાવીને આદેશ આપ્યો. 'આ દિવસે તમારે સ્વર્ગના - વૈકુંઠધામના - દ્વારો ખૂલ્લા રાખવાના. જે કોઈ મારું નામ સ્મરણ કરે, મારી પૂજા આ દિવસે કરે, તે સૌ કોઈને અટકાવ્યા વગર પ્રવેશ આપવાનો.'

ગંધર્વરાજ પુષ્પદન્તો શિવમહિમ્નઃસ્તોત્રની (ઈ.આઠમી સદી) કરી છે એના એક શ્લોક (૧૯)માં નેત્ર અર્પણની નોંધ સરસ રીતે લીધી છે.

ભાવનગરના કીર્તનકાર શાંતિશંકર વેણીશંકર મહેતાએ આનો સરસ પદ્ય અનુવાદ કર્યો છે :

સહસ્રામ્બુજોમાં શિવપૂજનમાં એક ઘટતાં,
ઉખેડ્યું વિષ્ણુએ નિજનયન તારા પૂજનમાં.
પરાભક્તિ આવી પરણિત થતી ચક્ર રુપમાં.
ત્રિલોકી રક્ષાર્થે ત્રિપુર હર ! જાગે જગતમાં

બસ, આ દિવસથી સુદર્શનચક્ર સજ્જનોને રક્ષવામાં અને દુર્જનોને દમવામાં ફર્યા કરે છે.

જીંદગી કા સફર

હમણાં થોડા દિવસ પહેલાં એકાંતમાં બેઠો હતો અને કોઈના મોબાઈલમાંથી ગીત સંભળાયું,

'જીંદગીકા સફર,
હે યે કેસા સફર...
કોઈ સમજા નહિ
કોઈ જાના નહિ...'

સ્વ. કિશોરકુમાર દ્વારા ગવાયેલા એ ગીતમાં તો જીંદગીની ઉંચી ફિલસૂફીની વાત કરાયેલી છે.પણ અમે તો આ ગીત સંબંધનાં જૂદા જૂદા વ્યાવસાયિકો પોતાની જીંદગીની સફરને કેવીક ગણતા હશે તેની સહેજ કલ્પના કરવા લાગ્યા તો કંઈક આવું પ્રગટી આવ્યુ..

૧. કીરાણાના વહેપારી - જીંદગીની સફર ભાવતાલ કરવામાં, ઉધાર આપેલ વસૂલ કરવામાં જ પૂરી થઇ જાય છે...

૨. દરજી - કાપ કાપ કર્યામાં જ જીંદગી ય ક્યારે કપાઈ ગઈ ખબરે ય ના પડી...

૩.તેલના વહેપારી -'તેલ લેવા જા' આ રૂઢિ પ્રયોગ યાદ રાખીને આવતા ઘરાકોને તેલ આપવામાં જ જીવનની સફર પૂરી થઇ જાય છે.

રંગ અને વ્યંગ
અનંત પટેલ

અમારાં છોકરાંને તેલ લેવા જા ને બદલે તેલ આપવા જા એવું જ શીખવાડવું પડે છે...

ડોકટર - લોકોનું બ્લડપ્રેસર માપતાં માપતાં અમારી જીંદગીની સફરના ધબકારા પણ હાઇ અને લો થતા જ રહે છે..

ખેડૂત-- ભઈ આ જીંદગીની સફરને વધારે હમજીને અમારે હું કાંમ છ ? આ ભેંશોનું દૂધ કાઢ્યુ ને ખેતરમાં ટ્રેક્ટર ફેરવ્યું એટલે અમારે તો લીલા લેર, બીજુ કાંઇ ના જોઇએ હોં...

પોલીસ કર્મી-- લોકોને કંટ્રોલમાં રાખવાનો બંદોબસ્ત કરી કરીને એટલા બધા થાકી જવાય છે કે ઘરવાળાંએ અમારા માટે બંદોબસ્ત રાખવો પડે છે....

ટીચર-- 'હોમવર્ક' આ શબ્દમાં જ જીદગીની સફર પૂરી થઇ જાય છે ...તમને થશે આવું કઇ રીતે બને ? તો જૂઓ, વર્ગમાં વિદ્યાર્થીઓને દરરોજ હોમવર્ક આપવું અને આપેલ હોમવર્ક ચેક કરવું પડે કે નહિ ??વળી અમારે પણ દરરોજ ભણાવવાનું હોવાથી ઘરેથી હોમવર્ક કરીને જ આવવું પડેને...!

ડ્રાઇવર - રોડ ઉપર ધ્યાનસ્થ યોગીની જેમ આંખ રાખવી,સાઇડ ગ્લાસમાં પણ કતરાતી નજર રાખવી...ટૂંકમાં રોજની સફરમાં નજરને સીધી અને કતરાતી રાખવામાં જ જીદગીની સફર પૂરી...

દારુડિયો-- દારૂ પીવો એ ગુનો બને છે તેમ છતાં કેટલાક લોકો દારૂ ઢીંચીને જ જીંદગી પૂરી કરી દેતા જોવા મળે છે...

અધિકારી-કર્મચારી- - યેસ સર, નો સર,યેસ બોસ,.. જી સર, જી જી સર, રાઇટ સર...

આવા ઉચ્ચારણોમાં જ જીંદગી પૂરી.

નર્તકી - નાચ મેરી બુલબુલ સાંભળવામાં જ જીંદગી પૂરી...

ટપાલી - કભી ખુશી કભી ગમ વહેંચતાં જ જીંદગીની સફર પૂરી થવા આવી..

દરેકની જીંદગીમાં પ્રશ્નો,મુશ્કેલીઓ,સુખ-દુ:ખ વગેરે આવતું જ હોય છે, તેમ છતાં દરેક જણ પોતાની જીંદગી મરી મરીને જીવવાના બદલે ભરી ભરીને જીવવાનું રાખે તો જીંદગીની એ સફર માણવા જેવી જરૂર બને...

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

દિવાળીમાં મળ્યા ઈન્ડિયન્સ... ને વાતો ને વાનગીઓની યાદોમાં ખોવાયા

અહીં પાનખરમાં ખીલી છે વસંત

હળવે હૈયે
પ્રકાશ લાલા

આપણામાં એક કહેવત છે : 'પિયરનું કૂતર ય વહાલું લાગે...'

પહેલાનાં વખતમાં, પરણીને પરગામ સાસરે ગયેલી દીકરી ત્યાં નવા લોકોમાં, નવા વાતાવરણમાં મૂંઝાતી હોય ત્યારે એને પોતાના મા-બાપના ગામનું - પિયરનું કોઈ મળી જાય તો સારું લાગે... એના મૂંઝાતા મન-દિલને થોડો સધિયારો મળે... માણસ નહીં તો છેવટે પિયરનું કૂતરું પણ આવી મળે તો ગમે... આ સંદર્ભે આમ કહેવાયું હશે...

અહીં પરદેશમાં કોઈ ઓળખીતું - પાળખીશું મળી જાય એવી આશા-ઈચ્છા મનમાં રહ્યા કરતી હોય... પિયર કહેતાં ગાંધીનગર - ગુજરાત, નહીં તો ઈન્ડિયાનું ય કોઈ મળે તો ગમે. જ્યાં બધાં ઘાણીફૂટ ઈંગ્લિશમાં જ બોલતા હોય ત્યાં ઈન્ડિયન આવી મળે તો આપણી ભાષામાં એની જોડે 'ગપ્પા ગોષ્ઠિ' કરી શકાય ને! વાતો કરવા માતૃભાષા નહીં તો રાષ્ટ્રભાષા - હિંદી સહી.

દિલ ખોલીને (ભાંગીતૂટી હિન્દીમાં) વાતચીત કરી શકાય. બાકી, અંગ્રેજીમાં તો 'હાઉ આર યુ?' આઈ એમ ફાઈન... યસ... ઈટ્સ વેરી કોલ્ડ ટુ ડે.... નો ... ગ્રેટ ફાઈન...' થી ઝાઝો લાંબો વાર્તાલાપ ના ચાલે. કેમ કે, ભાષાની મુશ્કેલી ઉપરાંત વાતનો 'કોમન' વિષય પણ ના હોય ને! તેથી જ ગુજરાતી નહીં તો હિંદી બોલનાર મળે તો સારું લાગે... આપણા માટે તો આવી વ્યક્તિ પિયરની જ મળી કહેવાય ને?

લંડનમાં દીકરાના ઘરે દિવાળીની ઊજવણી દરમિયાન એમનું ફ્રેન્ડ સર્કલ ફટાકડા ફોડવા ને જમવા પાર્ટી માટે આવ્યું... એમાં કોઈ રાજસ્થાની, કોઈ પંજાબી, કોઈ દિલ્હીવાસી, કોઈ બમ્બઈયા હતા... મતલબ, અહીં ભારતીય એકતામાં અનેકતા અને અનેકતામાં એકતાનાં દર્શન થયા...

આ બધાં વર્ષોથી યુ.કે.માં સેટલ્ડ થઈને વસ્યા છે. એટલે એમની અંદર અંદર મોટા ભાગની વાતો તો અંગ્રેજીમાં જ ચાલતી હતી પણ અમારી સાથે 'દેશી' બની જઈ, હિંદીમાં થોડી 'દેશી' - 'દેશની' વાતો કરતાં હતા એટલે મજા પડી.... અમારા શ્રીમતીજીની તો જાણે દિવાળી સુધરી ગઈ !!

અને પછી અમે ઘરે બનાવેલાં ઘૂઘરા, સેવ, ફણસીપૂરી, મઠિયા, આશ્ચર્ય ને મોજથી, ખાતાં એ બધાં વતનની વાતો - વાનગીઓ ને યાદોમાં ખોવાઈ ગયા... કોઈએ જાંબુ અને ખટ્ટા - મીઠ્ઠા ફાલસા ને શિંગોડા અહીં 'મીસ' થાય છે તેમ કહ્યું તો કોઈ દાલબાટી ને મીર્ચી વડાં યાદ કરી દુ:ખી થયાં... ઉનાળામાં મળતો તાજો શેરડીનો (ત્યારે ભલે એકના એક પાણીમાં જ વીંછળેલા ગ્લાસમાં અપાતો) અહીં -લીંબુ - આદુ - મસાલિ મિશ્રિત રસ પીવાની કેવી મજા પડતી હતી. એની રસભરી વાત કહી.... તો ઈન્ડિયાના આઈસ્ક્રીમ ને બરફગોળા - સળેકડીવાળી કુલ્ફી હવે તો ઈન્ડિયા જઈએ ત્યારે ય 'હાઈજીન' નો વિચાર કરી, ડરના માર્યા નથી ખવાતાં - પીવાતાંનો અફસોસ વ્યક્ત કરાયો.... ટૂંકમાં હિંદી થકી ચાલેલી વાતોમાં હિંદી - અંગ્રેજી ભેળસેળ સાથે સૌએ 'અય મેરે પ્યારે વતન... તુજ પે દિલ કુરબાન...' ના સૂર છેડ્યા.... અને અમારાં શ્રીમતીજીને તો અહીં આવ્યા પછી ઘણા દિવસો બાદ દિલ દઈને 'વાતોના વડાં' કરવા મળ્યા તે એમનું પેટ જાણે વગર જમ્યે ભરાઈ ગયું ને મીઠો ઓડકાર આવી ગયો.... ભાઈ, પિયરનાં મળે તો ગમે જ ને !!

●●●

હાલ અહીં 'ઓટમ' (Autumn) ચાલે છે. યુ.કે.માં સપ્ટેમ્બરથી નવેમ્બર 'ઓટમ્' એટલે કે પાનખર ઋતુ હોય છે.... આપણે ત્યાં પાનખર એટલે 'પીંપળ પાન ખરતાં' કહીં, આ ઋતુ પર બહુ ધ્યાન નથી અપાતું પણ અહીં તો 'ઓટમ' નો મહિમા જ કંઈ ઓછો નથી. પાન ખરતાં પહેલાં વૃક્ષો પરનાં પર્ણોનો કલર બદલાય છે. લીલા પાન હળવે હળવે પીંક ને પછી લાલ રંગ ધારણ કરે છે... લીલાછમ્મ દેખાતાં વૃક્ષો ક્રમશઃ પીન્ક ને લાલ લેબાશ ધારણ કરતા હોય એવો નજારો જોવાની મજા પડે છે... હજી ચાર દિવસ પહેલાં લીલા જોયેલા વૃક્ષોને અચાનક લાલંલાલ થઈ ગયેલું જોઈ આશ્ચર્ય ને એ દશ્ય જોઈ આનંદે થાય... એકલદોકલ વૃક્ષ કરતાં ય પાર્ક - ફોરેસ્ટમાં કે જયા વૃક્ષો જ વૃક્ષો હોય ત્યાં તો આ કુદરતી સૌંદર્ય જાણે ભરપૂર ખીલ્યું હોય એવી સુંદર દશ્યાવલી જોવા મળે છે. કેમ કે કોઈ વૃક્ષનાં પાદડાં હજી અડધાં લીલાં હોય, કોઈનાં પીળાં, કોઈ પીન્ક ને કોઈ ઉપર લાલ.... જાણે પાનખરમાં વસંત ખીલી ના હોય ! 'ઓટમ'માં વૃક્ષો ઉપર છવાતાં આ 'કલર ચેઈન્જ' ને માણવા લોકો પાર્કમાં, ફોરેસ્ટમાં પહોંચી જાય છે... મેગેઝીન્સમાં 'એન્જોય ધ ગ્લોરિયસ ઓટમ્... કલર નિયર યુ.... ' ના હેડિંગ્સ સાથે આ નજારાની સુંદર તસ્વીરો સાથે, કયા નેશનલ ફોરેસ્ટમાં વૃક્ષો - વનરાજી 'ઓટમમ્માં કેવું નવલું સ્વરુપ - સૌંદર્ય નિખરી ઊઠ્યું છે તેની માહિતી પ્રગટ કરાય છે... અરે, બાળકોને લઈ મમ્મી - પપ્પાઓ પાર્કમાં જાય, ત્યાંથી વિવિધ વૃક્ષોનાં, વિવિધ આકાર ને કલર્સનાં પાંદડાં અને ચણીબોર જેવી અલગ અલગ કલરની 'બેરીઝ' એકઠી કરી લેવા - અને 'ઓટમ પીક' કહી કહે ને પછી ઘરે ટ્રમાં આ કલરફૂલ પાંદડાં - બેરીઝ ગોઠવી, વચ્ચે કેન્ડલ પ્રગટાવી ડાઈનીંગ ટેબલ ઉપર ગોઠવે.... આમ અહીં ઓટમ્ - પાનખરને ય લોકો આનંત - ઉત્સવથી આવકારે છે - માણે છે... કદાચ એટલે જ અહીં વૃદ્ધો - વરિષ્ઠો ને વધારે માન અપાય છે. એની 'કેર' કરાય છે અને આપણે ત્યાં ઘરડાં તો 'ખર્યું પાન' વસંતની જેમ પાનખર પણ ઈશ્વરદત્ત છે તો... એનેય એટલું જ ચાહીએ એવો, સંદેશ અહીં 'ઓટમ્' ની ઊજવણી આપે છે ને?

●●●

પાંચમી નવેમ્બરે આપણું નૂતન વર્ષ હતું.... નવલાં વર્ષની રાત્રે - પાંચમી તારીખે લંડનમાં ગાય ફોસનું બોનફાયર છે...'

પછી, ખબર પડી કે અહીં દર વર્ષે પાંચમી નવેમ્બર 'ગાય ફોસ ગમની એક વ્યક્તિની યાદમાં' 'બોન ફાયર' યોજાય છે... આ વર્ષે યોગાનુયોગ પાંચમી તારીખે આપણું 'ન્યુ ઈયર' અને આ 'બોન ફાયર' ભેગાં થઈ ગયાં.... કંઈ વાંધો નહીં... થોડા સમય માટે પણ આ ભ્રમ ને ગેરસમજે આનંદ તો આપ્યો અમને.... ઘણીવાર ઈલ્યુઝન કહેતાં ભ્રમમાં જીવવું સારું... ખરું કે નહીં?